કવિ લાવણ્યસમયકૃત

# ચતુર્વિંશતિ જિનસ્તુતિ

સંપાદક : શિવલાલ જેસલપુરા

કવિ લાવણ્યસમય (હયાત વિ૦ સં૦ ૧૫૨૧થી ૧૫૮૯) પ્રથમ પંક્તિના જૈન ગુજરાતી કવિઓમાં અગ્રસ્થાન ધરાવે તેવા, સમર્થ ને પ્રતિભાશાળી કવિ છે. તેમણે નાનીમોટી ત્રીસેક કૃતિઓ રચી છે. તેમાંની કેટલીક પ્રસિદ્ધ થઈ છે, જ્યારે મોટા ભાગની અપ્રસિદ્ધ છે.

તેમની કૃતિઓમાં તેમનું પાંડિત્ય ને સામાજિક જીવનનું ઊંડું જ્ઞાન વારંવાર પ્રગટ થાય છે. કોઈ પણ પ્રસંગ, પાત્ર કે ભાવના વર્ણનને રસમય બનાવવાની કળા તેમને સહજ છે. અલંકાર, દૃષ્ટાન્તો અને સામાન્ય વિધાનોથી કોઈ પણ વિષયને તેઓ દીપ્તિવંત બનાવી મૂકે છે.

આ બધી કૃતિઓમાં 'ચતુર્વિંશતિ જિનસ્તુતિ' આપણા મધ્યકાલીન સાહિત્યમાં ભાત પાડે એવી છે. પ્રાચીન-મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં અક્ષરમેળ વૃત્તોમાં રચાયેલી સળંગ કૃતિઓ તો ગણીગાંઠી છે; જ્યારે 'ચતુર્વિંશતિ જિનસ્તુતિ'માં પ્રથમ ૨૭ કડીઓ માલિની છંદની અને છેલ્લી કડી હરિગીત છંદની છે. દરેક કડીમાં ક્રમસર એક એક તીર્થંકરના વ્યક્તિત્વને ઉપસાવવામાં આવ્યું છે. કવિનું છંદપ્રભુત્વ ઉત્તમ કોટિનું છે. દરેક કડીમાં વર્ણસગાઈ, યમક અને પ્રાસની યોજના પણ આકર્ષક છે.

ઘણાં વર્ષો પહેલાં સ્વ૦ શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈએ તેમને પ્રાપ્ત થયેલી હસ્તપ્રત પરથી આ કૃતિનું સંપાદન કરેલું અને 'જૈનયુગ'(પુ૦ ૧)માં તે પ્રસિદ્ધ થયેલું. પરંતુ તેથી વધુ શુદ્ધ અને જૂની હસ્તપ્રતો અમદાવાદના લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ મંદિરના ગ્રંથભંડારમાંથી પ્રાપ્ત થઈ છે તે ઉપરથી ફરીથી સંપાદન કરી આ કૃતિ અહીં આપી છે. બંને પ્રતમાં લખ્યા સંવત નથી, પણ પ્રતની સ્થિતિ ને લિપિ પરથી વિ૦ સં૦ ૧૬૦૦ લગભગ તે લખાયાનો સંભવ છે. એમાંની નં૦ ૫૨૫૩ની પ્રતને A અને નં૦ ૪૧૪૩ને પ્રતને B સંજ્ઞા આપી અહીં પાઠભેદ નોંધ્યા છે. બંને પ્રતમાં A પ્રત વધારે જૂની છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કનકતિલક ભાલે, હાર હીઇ નિહાલે,
**રિષભપય** પષાલે, પાપના પંક ટાલે.
અરચિ નવ-રસાલે, કૂટડી ફૂલમાલે,
નર ભવ અજૂઆલે, રાગ નઇં રોગ ટાલે. ૧

**અજિત** કિણિ ન જીતુ, જેહનઇં માન વીતુ,
અવનિવર વહીતુ માનીઇ માનવી તુ.
લહસિ સુખ નિચીતુ, પૂજિ રે માનવી તુ.
જુ જિન મનિ ચીંતઉ, સુકીઇ માન-વીતુ. ૨

સમવસરણિ બઇઠા, ચીત મોરઇ પઇઠા.
અસુખ અતિ અરીઠા, ઉપજ્યા તે ઉબીઠા.
સુપરિ કરિ ગરીઠા સૌખ્ય પામ્યાં અનીઠા.
ભવ દૂઅ મઝ મીઠા, **સંભવસ્વામિ** દીઠા. ૩

લહક સિરિ ધજાનુ, જ્ઞાન કેરુ ખજાનુ,
જિનવર નહીં નાહ્નઉ, સામિ સાચઉ પ્રજાનઉ,
જસ જગિ વર-વાનઉ, છઇલ માંહિં ન છાનુ,
સુત સમરથ માનઉ, માત **સિદ્ધાર-ષાનઉ.** ૪

વિષમ વિષયગામી, કેવલજ્ઞાન પામી
દુરગતિ દુખ દામી, જે હુઆ સિદ્ધિગામી,
હૃદય ધરિ ન ધામી, પૂરવઇ પુણ્યકામી,
સકલ **સુમતિ સામી,** સેવીઇ સીસ નામી. ૫

મ કરિ અરથ માહરુ, લોભના લોઢ વારુ;
ભવિક! ભવ મ હારુ, પિંડ પાપિંઇ મ ભારુ.
નરયગતિ નિવારુ, ચીંતિ ચેતેસ વારુ.
**પદ્મપ્રભ** જુહારુ, સાંભલઉ બોલ સારુ. ૬

કિય શિવપુર વાસો, સામિ લીલાવિલાસો,
જય જગતિ **સુપાસો**, જેહનઇં દેવ દાસો.
દલિઅ કરમપાસો, રાગ નાઠઉ નિરાસો,
ગુરુઅ-ગુણ નિવાસો, દોષ દોષિઇં ન જાસો. ૭

---

કડી ૧. B ઋષભ. AB પાય પષાલે.
કડી ૨. A કણિ. B લહેસિ. A મતિ. B ચીંતિઉ.
કડી ૩. B ચીંતિ. A સોખ્ય. B હૂઆ.
કડી ૪. B લહિક. A ધજા તું. B સાચુ; પ્રજાનુ. B વરવાનુ. A માહે. B માનુ; સિધારષાનુ.
કડી ૫. B હૂઉ; સિધિ.
કડી ૬. A મ્હારુ. B ચીતિ; વહારુ. A નરયગતિ વારુ. B સાંભલુ.
કડી ૭. A ગુરૂઅ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મદન-મદ નમાયા, ક્રોધ-યોધા નમાયા,
ભવભમર ભમાયા, રોગ-સોગા ગમાયા,
સકલ ગુણ સમાયા, લક્ષ્મણા જાસ માયા,
પ્રણમિસુ જિન-પાયા, ચંગ **ચંદ્રપ્રભાયા.** ૮

**સુવિધિ** સુવિધિ માંડી, પાપનાં પૂર છાંડી,
મયણ-મદ નમાંડી, ચીત ચોખૂં લગાડી,
કુગતિ મતિ શમાડી, મુક્તિકન્યા રમાડી,
સુણિ-ન-સુણિ નમાડી, દેખવા તે રુહાડી. ૯

કનકવરણિ પીલા, જેણિ જીતી પ્રમીલા,
સિરિ ધરિઅ સુશીલા, દૂરિ કીધી કુશીલા,
પ્રગટિત તપશીલા, **શીતલ સ્વામિ** શીલા,
મ કરસિ અવહીલા, જેહની લીલ લીલા. ૧૦

ભવિક નર ! ભણીજઇ, સિઉં ભમુ માગ બીજઇ ?
અહનિશિ સમરીજઇ, સેવ **શ્રેયાંસ** કીજઇ,
વિવિધ સુખ વરીજઇ, પુણ્યપીયૂસ પીજઇ,
અનુદિન પ્રણમીજઇ, લાછિનુ લાહ લીજઇ. ૧૧

જસ મુખ-અરવિંદો, ઊગીઉ કઇ દિણંદો,
કિરિ અભિનવ ચંદો, પુન્નિમાનઉ અમંદો,
નયણ અમિઅબિંદો, જાસુ સેવઇ સુરિંદો,
પય નમિઅ નરિંદો, **વાસુપુજ્જો** જિણંદો. ૧૨

અસુખ-સુખ હણેવા, સૌખ્યનાં લક્ષ લેવા,
ભવજલધિ તરેવા, પુણ્ય પોતૂં ભરેવા,
મુગતિ-વહૂ વરેવા, દુર્ગતિઇ દાહ દેવા,
**વિમલ** વિમલ સેવા, ચિત્ત ચીતિઇ કરેવા. ૧૩

અકલ નવિ કલાયુ, પાર કેણઇ ન પાયુ,
ત્રિભુવનિ ન સમાયુ, જેહનઇ જ્ઞાન માયુ,
જસ જગિ વર જાયુ, રોગનઉ અંત આયુ,
હૃદયકમલિ ધ્યાયુ, તે **અનંતુ** સુહાયુ. ૧૪

---

કડી ૮. A મદનમદ નડાયા; ભવભરમ.

કડી ૯. A ચીંત ચોખૂં.

કડી ૧૦. A સિરિ ધરિ સુશીલા. A કરિસિ.

કડી ૧૧. ચોથી લીટી—B તિમ તિમ યમ પીજઇ. A લાહુ.

કડી ૧૨. A અરવંદો. A કરિ. B પુન્નિમાનુ; વાસુપુજજે.

કડી ૧૩. A અસુખ ગતિ હણેવા. A સોખ્યનાં લખ્ય. A ચીંતઇ કરેવા.

કડી ૧૪. A કલાન્યુ. ત્રીજી લીટી—A જવ જિનવર જાયુ. B રોગનુ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ધરમ ધરમ** ભાષઇ, મુક્તિનઉ માર્ગ દાષઇ,
જગિ જિનવર પાષઇ, પાપ જાઇ ન પાષઇ.
વરસ દિવસ પાષઇ, જે પ્રભો ચિત્તિ રાષઇ,
પુરુષ અણિઅ આષઈ, સૌખ્ય તે ચંગ ચાષઇ. ૧૫

મયગલ ઘર બારી, નારિ સિંગારિ ભારી,
રયણુ કનક સારી, કોડિ કેતી વિચારી,
પ્રભુ તસુ પરિહારી, જ્ઞાનચારિત્રધારી,
ત્રિભુવનિ જયકારી, **સાંતિ** સેવુ સધારી. ૧૬

વર કનકિ ઘડાયા, હાર હીરે જડાયા,
મુગટ સિરિ અડાયા, સૂર તેજિઇ નડાયા,
તિવલ તડતડાયા, પાપ પેંડિઇ પડાયા,
કુસુમચય ચડાયા, **કુંથુ** પૂજંતિ રાયા. ૧૭

કરમ મરમ જાલી, પુણ્યની નીંક વાલી,
રતિ-અવિરતિ રાલી, કેવલજ્ઞાન પાલી,
અખય-સુખ-રસાલી, સિધિ પામી સુંહાલી,
**અર** અરચિ સુમાલી, આપિ રે ફૂલ ટાલી. ૧૮

સુણિ-ન સુણિ-ન હલ્લી, પુણ્યનિઇ પૂરિ ઘલ્લી,
ઘર તરુઅર-વલ્લી, પુત્તપુત્તેહિં ભલ્લી,
નિતુ નવલ-નવલ્લી, ભૂરિ ભોગેહિં ફુલ્લી,
પ્રણમઇ **જિણ મલ્લી,** તાસુ કલ્લાણુવલ્લી. ૧૯

વિગત-કલિ-કુરંગા, પામીઆ પુણ્ય તુંગા,
નવિલિ ગવિલ જંગા, દૂષ દોષા દુરંગા,
જવ હૂઅ જિન સંગા, **સુવ્રતસ્વામિ** ચંગા,
કિરિ તરલ-તરંગા, આલસૂ માંહિં ગંગા. ૨૦

**નમિ** નરય નિવારઇ, માન-માયા વિડારઇ,
ભવજલધિ અપારઇ, હેલિ હેલાં ઊતારઇ,
ભગત-જન સધારઇ, લોભ નાણઇ લગારઇ,
જિન જુગતિ જુહારઈ, તે સવે કાજ સારઇ. ૨૧

કડી ૧૫. B મુક્તિનુ. A સાખ્ય.

કડી ૧૬. A શ્રંગારિ. B સંતિ. A સેવુ જુહારી.

કડી ૧૭. B કનક. A મુકુટ; તેજેઇ; તિવિલ.

કડી ૧૮. A કરમરમ.

કડી ૧૯. B સુણિ ન થલ્લી. A જિન.

કડી ૨૦. A વિગતિ કલિ કુરંગા. B નવલ ગિવલ જંગા. A દોખ્યા. B હૂઆ. A માહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કુગતિ કુમતિ છોડી, પાપની પાલિ ફોડી,
ટલિઅ સયલ ષોડી, મોહની વેલિ મોડી,
જિણિ શિવવહુ લોડી, કો નહી **નેમિ** જોડી,
પ્રણમઇ લક્ષ કોડી, નાથ બિ હાથ જોડી. ૨૨

જલ જલણુ વિયોગા, નાગ સંગ્રામ સોગા,
હરિ મયગલ ભોગા, વાત ચોરારિ રોગા,
સવિ ભયહર લોગા, પામીઆં **પાસ** જોગા,
નર નહી કહિ જોગા, પૂજતાં ભૂરિ ભોગા. ૨૩

કઠિન કરમ મેલ્હી, કાઢીઆ તેર ઠેલી,
વિમલ વિનયવેલી, ભાવિ ભોલઇ ગહેલી,
નિસુણિ હરષિ હેલી, ભેટિ પામી દુહેલી,
સવિસવિહૂં પહેલી, **વીર** વંદૂ વહેલી. ૨૪

દુરિત દલ દુકાલા, પુણ્ય પામી સુગાલા,
જસુ ગુણવર બાલા, રંગિ ગાઇ રસાલા,
ભવિક નર ત્રિકાલા, ભાવિ વંદું મયાલા
જય જિનવર માલા, નાભિ લછ્છી વિશાલા. ૨૫

અમિઅરસ સમાણી, દેવદેવે વષાણી,
વયણરયણખાણી, પાપવલ્લી-કૃપાણી,
સુણિ-ન સુણિ-ન પ્રાણી ! પુણ્યની પટ્ટરાણી
જગિ જિનવર-વાણી, સેવીઇ સાર જાણી. ૨૬

રિમિઝિમિ ઝમકારા, નેઉરીચા ઉદારા,
કટિ-તટિ ષલકારા, મેષલીચા અપારા,
કમલિ-રમલિ-સારા, દેહ લાવણ્યધારા,
સરસતિ જયકારા, હોઉ મે નાણધારા. ૨૭

તપગછ્છિ દિણયર લબ્ધિસાયર સોમદેવ સૂરીસરા,
શ્રી સોમજય ગણધાર સેવીય સમયરત્ન મુણીસરા;
માલિનીછંદિઇ ઝમકબંધિઇ સ્તવ્યા જિન'ઊલટિ ઘણઇ,
મિઇ લહિઉ લાલ અનંત સુખમય, મુનિ લાવણ્યસમય ભણઇ. ૨૮

---

કડી ૨૨. A પ્રણમઇ સુર કોડી; બે.

કડી ૨૪. B મેહલી. A ભોરઇ ગહેલી.

કડી ૨૫. A જસ ગુણવર; લછી.

કડી ૨૭. B રમઝમ.

કડી ૨૮. A લછિસાયર. A સેવિઅ; મુનીસરા. A મલિની, B માલિનીય. A યમકબંધિઇ, B તવ્યા. A મઇ. A લાવણ્યસમય સદા ભણઇ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org